RESEARCH REVIEW JOURNALS
Volume-04
Issue-03
March-2019

ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com[UGC Listed Journal]

# સામાજિક ન્યાય ભારતીય બંધારણના સંદર્ભમાં

**ચાવડા પ્રભા સામતભાઈ**

*એલએલ.એમ. વિદ્યાર્થી, પી.એચડી. (કાયદાશાસ્ત્ર) હેમચંદ્રચાર્ય ઉતર ગુજરાત યુનિવર્સિટી, પાટણ*

**ARTICLE DETAILS**

**Article History**
*Published Online:* 13 March2019

**Keywords**
સામાજિક, આર્થિક, રાજકીય

***Corresponding Author**
*Email: prabha.chavda@gmail.com*

**ABSTRACT**

ભારતરત્ન ડો. બાબા સાહેબ આંબેડકર સામાજિક નવજાગરણના અગ્રદુત હતાં. તેમણે તેમનુ સમગ્ર જીવન સદી એ દલીત, શોષિત, માનવીઓના આર્થિક , સામાજિક તેમજ શૈક્ષણિક ઉત્થાન માટે કર્યુ હતુ. સમાજ મા પ્રવર્તતિ રૂઢિગત માન્યતાઓ અને વિષમતાઓને નષ્ટ કરવા તેમજ સામાજિક ન્યાય અને દલિતોઓના અધિકારોને સુનિશ્ચિત કરવા તેમણે આજીવન સંઘર્ષ કર્યો હતો. માનવીય ગૌરવને અને માનવીય અધિકારોને અંખિત રાખવા ડો.બાબા સાહેબ આંબેડકરે જીવનભર ઝઝુમ્યા. અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિને સમાજના મુખ્ય પ્રવાહમાં ભેળવવા આજીવન સંઘર્ષ કરતા રહયા. બંધારણના ઘડવૈયા ડો. બાબા સાહેબ આંબેડકરે ભારતીય બંધારણની અંદર પણ આમુખ (પ્રસ્તાવના), ભારતીય બંધારણનો ભાગ–૩ મુળભુત અધિકારો અને ભારતીય બંધારણનો ભાગ–૪ રાજયનિતીના માર્ગદર્શક સિધ્ધાંતો માં પણ કચડાયેલા અને શોષિત વર્ગ ની ચિંતા દેખાય છે. ડો. બાબા સાહેબ આંબેડકરે ભારતના સંવિધાનમાં દરેક માનવ સમુદાયને સમાન હકક અને અધિકારો આપ્યા છે. એમના રાજકીય અને સામાજિક વિચારોને પ્રસ્તુતા આજે પણ યથાર્થ છે. ડો.બાબા સાહેબ આંબેડકરનું સામાજિક અને રાજકીય ચિંતન મૌલિક અને વિશિષ્ટ હતું. છેવાડા ના માનવી ને હકક અને અધિકારો મળે એ સંદર્ભે માત્ર ભારતીય બંધારણ માં જ નહી પરંતુ તેમના વિવિધ ગ્રંથો અને સામયિકોમાં સ્પષ્ટ વિચારો વ્યકત કર્યા છે. આ ઉપરાંત એમણે કરેલા કાર્યો માં પણ એમના મૌલિક વિચારોનું સ્પષ્ટ પ્રતિબિંબ જોઈ શકાય છે.

રાજકીય વિચારોમાં રાજયનું સ્વરૂપ, રાજય અને વ્યકિત , રાજય અને સમાજવાદનું પ્રતિપાદન, રાજય અને પ્રકૃતિક અધિકાર, કાયદા ધ્વારા સામાજિક પુનઃરચના વગેરે ઉપરાંત સામાજિક સંદર્ભ માં ખાસ કરીને ઉપેક્ષીત વર્ગ ના હકકો અધિકારોનું યોગ્ય જતન અને પ્રતિનિધિત્ય માટે કરેલુ યુગકર્મ આજે પણ એટલુજ પ્રસ્તુત છે.

ભારતની આઝાદીના સાત દાયકા પછી પણ હજુ એવો અલ્પવિકસિત સમુદાય છે કે, કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ ઉત્કર્ષકારક યોજનાનો લાભ આ વર્ગ સુધી પહોચતો નથી, ત્યારે ડો.બાબા સાહેબ આંબેડકરના વિચારો આજે પણ એટલાજ પ્રસ્તુત બની રહે છે. ભારતીય બંધારણના ઘડવૈયા અને લાખો –શોષિત પીડીત ની અનુકંપાને વાચા આપનાર ડો. બાબા સાહેબ આંબેડકર આજન્મ અસમાનતાથી ભરેલા સમાજમાં વ્યાપ્ત દુષણોને દુર કરવા માટે અવિરત સંઘર્ષ કર્યો.

## પરીચય (પ્રસ્તાવના):–

ભારતરત્ન ડો. બાબા સાહેબ આંબેડકર સામાજિક નવજાગરણના અગ્રદુત હતા. તેમણે તેમનુ સમગ્ર જીવન સદીઓથી દલીત, શોષિત, માનવીઓના આર્થિક , સામાજિક તેમજ શૈક્ષણિક ઉત્થાન માટે સમર્પિત કર્યુ હતુ. સમાજ માં પ્રવર્તતિ રૂઢિગત માન્યતાઓ અને વિષમતાઓને નષ્ટ કરવા તેમજ સામાજિક ન્યાય અને દલિતોઓના અધિકારોને સુનિશ્ચિત કરવા ઉપરાંત અનુસુચત જાતિ અને અનુસુચિત જનજાતિને સમાજના મુખ્ય પ્રવાહમાં ભેળવવા ડો.ભીમરાવ બાબા સાહેબ આંબેડકરે આજીવન સઘર્ષ કરતા રહયા. માનવીય ગૌરવને અને માનવીય અધિકારોને અખંડિત રાખવા ડો.બાબા સાહેબ આંબેડકરે જીવનભર ઝઝુમ્યા. શોષિત, પિડીત તથા અન્યાય સામે પ્રતિકારનું ખમીર પ્રગટાવ્યું. સ્વતંત્ર ભારતના બંધારણના ઘડવૈયા પ્રખર હીમાયતી ડો.બાબા સાહેબને દ્રઢ માન્યતા હતી કે શિક્ષણ ધ્વારા જ વ્યકિતનો વિકાસ અને સામાજિક ક્રાતિ ધ્વારા જ સમાનતા, સ્વતંત્રતા અને બંધુતાના પાયા પર રાષ્ટ્રનું નવ નિર્માણ થઈ શકશે. ઉપરાંત ડો. બાબા સાહેબ આંબેડકર નારીના ઉત્થાન માટે કહયું હતુ કે –

**હું કોઈપણ સમાજની પ્રગતિનું અનુમાન એ વાતથી કરુ છું કે "એ સમાજની મહિલાઓની સ્થિતિ કેવી છે નારીની ઉન્નતિ વિના પરિવાર, સમાજ તેમજ રાષ્ટ્રની પ્રગતિના સ્વપ્ન જોવા એતો રણમાં વહાણ ચલાવવા સમાન છે, અને આ વિધાનને સાર્થક કરવા તેમણે હિન્દુ કોડ બીલની રચના કરી અને નારી મુકિતનો માર્ગ મોકળો કર્યો.**

## સામાજિક ન્યાયની વ્યાખ્યા:–

સામાજિક ન્યાય એક બહુ–પરિમણીય ખ્યાલ છે. જે કાયદા, તત્વજ્ઞાન, રાજકીય વિજ્ઞાનના વિધ્વાનો જુદી જુદી રીતો ધ્વારા જોવે છે. સામાજિક ન્યાય શબ્દ ખુબજ વ્યાપક છે. સામાજિક ન્યાય એ

RRIJM 2015, All Rights Reserved

અધિકારોનું બંડલ છે. સ્થિર સમાજ પ્રદાન કરવામાં અને દેશની એકતાને સુરક્ષિત કરવા માટે તે એક મહાન સામાજિક મુલ્ય છે.

સામાન્ય રીતે સામાજિક ન્યાયને નબળા, વૃધ્ધ, નિરાશ, ગરીબ, સ્ત્રીઓ, બાળકો અને અલ્પ વિશેષધિકાર વાળા લોકોનો અધિકાર તરીકે વ્યાખ્યાયિત કરી શકાય છે.

**ડો. બાબા સાહેબ આંબેડકરની દૃષ્ટિએ સામાજિક ન્યાય :-**

ડો. બાબા સાહેબ આંબેડકર સામાજિક ન્યાયના સમર્થકો માના એક હતા. ડો. બાબા સાહેબ આંબેડકર અનુસાર સામાજિક ન્યાય શબ્દ એ તમામ માનવજાતની સમાનતા, સ્વતંત્રતા અને બંધારણો પર આધારિત છે. સામાજિક ન્યાયનો મુખ્ય ઉદેશ એ છે કે જાતિ, લિંગ, પાવર(શકિત), સંપતિને સંદર્ભ જે અસામનતા છે તેને જળમુળ માંથી કાઢી નાખવું. સામાજિક ન્યાય સમુદાયમાં સામાજિક, રાજકીય અને આર્થિક સંશોધનનું સમાન વિતરણ લાવે છે.

સામાજિક ન્યાયનો ખ્યાલ એ લાભોની વહેચણીનો ખ્યાલ છે. તે વેતન, નફો, આવાસની ફાળવણી, દવાઓ, અન્ય કલ્યાણકારી લાભો સાથે સંબધિત છે. દરેક દેશ ના બંધારણમાં સામાજિક ન્યાયનો મુળભુત અને માન્ય સ્ત્રોત છે. બંધારણ ચોકકસ રીતે સામાજિક ન્યાયની રચના કરે છે. આ રીતે વ્યકિતગત ઈરછાને સંતોષવા સંપતિ, શિક્ષણ અને નોકરી વગેરે જરૂરીયાતો મનુષ્યના સંપુર્ણ અને પ્રતિષ્ઠિત વિકાસ માટે આનુવંશિક ફાયદા છે.

લોકશાહી પ્રજાસતાક રાજયોમાં દેશના બંધારણ ધ્વારા માનવ જરૂરી આવશયક આવશયકતાઓ પ્રાપ્ત કરી શકાય છે. તે અનુસાર સમાજના લોકોને મુળભુત જરૂરિયાતોને ને સમાજના હિસ્સામાં વહેચવાની ફરજ પાડાવામાં આવી છે. ભારતીય બંધારણ એ પુરુ પાડે છે કે રાજય સામાજિક કલ્યાણના એક સ્વરૂપ રૂપે આ જરૂરીયાતોને ભારતીય લોકોમાં વહેચશે.

ભારતીય બંધારણમાં સામાજિક ન્યાયની કલ્પનાને સમાવી લેવામાં આવી છે. ભારતીય બંધારણના પિતાએ નવા સામાજિક , આર્થિક અને રાજકીય હુકમને જન્મ આપ્યો હતો. જેનો આત્મા સામાજિક આત્મા હતો. ડો. બાબા સાહેબ આંબેડકર ભારતીય બંધારણના ઘડવૈયા હતા. તેઓ સમાજની પેટર્ન અને સમસ્યાઓ અને તેમના વિરોધભાષી હીત વિશે સંપુર્ણ પરિચિત હતા. બંધારણ સોશીયલ એન્જિયરીંગ નું એક મોટુ ઉદાહરણ છે. સામાજિક ન્યાય ભારતીય સમય અને સંજોગોમાં પાંખમાં લેવાતી સહ સબંધિક ખ્યાલ છે. ભારતીય બંધારણ સામાજિક ન્યાયના ખ્યાલમાં પુનઃજીવન લાવે છે. જયારે પ્રસ્તાવના (આમુખ), મુળભુત અધિકારો અને રાજયનિતીના માર્ગદર્શક સિંધ્ધાતો ની ત્રિપુટીને વેગ આપે છે, અને આ ત્રણેય સામાજિક ક્રાંતિ પ્રત્યેના વચનોનો મુખ્ય ભાગ છે. આ બંધારણનો આત્મા છે.

ભારતીય બંધારણની પ્રસ્તાવના એ સામાજિક ન્યાયનો અરીસો છે, તે ભારતના સાર્વભોમ , સમાજવાદી, ધર્મનિરપેક્ષ, લોકશાહી પ્રજાસતાક નાગરિકને સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય પ્રદાન કરે છે. એસેમ્બલીનુ પહેલુ કાર્ય ભારતીય બંધારણના ઉદેશયોને અને માર્ગદર્શક સિધ્ધોતોનું નિર્માણ કરવાનું હતું. તેથી ૧૩ ડીસેમ્બર થી ૧૯ ડીસેમ્બર અને ૨૦ અને ૨૨ જાન્યુઆરી બંધારણના પ્રસ્તાવના અને ઉદેશ્યની ચર્ચા કરવામાં આવી હતી.

ભારતીય બંધારણના ભાગ –૩ મુળભુત અધિકારોએ સામાજિક ન્યાય સાથે સબંધ ધરાવે છે. મુળભુત અધિકારોની પુનર્નિર્માણની ભાવનાને, વર્ણ, ધર્મ , જાતિ, જન્મસ્થળ, અસ્પૃશ્યતાને નાબુદ કરવુ. માનવ હેરફેરને પ્રતિબંધિત કરીને કોઈપણ જાતના ભેદભાવ વિના બધામાં સમાનતા પેદા કરી ને સામાજિક ક્રાંતિને પ્રોત્સાહન આપે છે. વધુમાં ભારતીય બંધારણે રાજયોને સામાજિક, શૈક્ષણિક અને પછાત વર્ગો, અનુસુચિત જાતી અને અનુસુચિત જનજાતીના વિકાસ માટે વિશેષ જોગવાઈઓ આપી છે. બંધારણના મુળભુત અધિકારોની આ જોગવાઈઓ સામાજિક ન્યાયની વાસ્તવિક ખ્યાલ સાથે સબંધિત ધરાવે છે. આ સંદર્ભ વિધાનસભા માં ચર્ચા સમયે ડો.આંબેડકરે તેમના મંતવ્યો વ્યકત કર્યા હતા. "આપણે બધા ઈચ્છા રાખીએ છીએ કે દુરભાગ્યપૂર્ણ(પછાત) વર્ગ સમાન સભ્ય સમાન વિશેષાધિકારો માટે હકદાર બની શકે. સામાજિક ન્યાયનો મહત્વપૂર્ણ ભાગ ભારતીય બંધારણ ભાગ ૪ રાજયનિતીના માર્ગદર્શક સિધ્ધાંતો છે. જો કે બંધારણનો આ ભાગ અદાલત ધ્વારા અમલ કરાવી શકાતો નથી, પરંતુ માર્ગદર્શક સિધ્ધાંતોના અમલીકરણ માટે જે કાયદો ઘડવામાં આવે તે મુળભુત હકકો સાથે સુસંગત હોય તે જરૂરી છે, અન્યથા અદાલત રદ કરશે.

ડો.ભીમરાવ આંબેડકરના મત મુજબ રાજયનિતીના માર્ગદર્શક સિધ્ધાંતો આપણા બંધારણ માં રાજકીય લોકશાહી સ્થાપવાનો આપણે

RRIJM 2015, All Rights Reserved

પ્રયાસ કર્યો છે. સામાજિક, આર્થિક, અને રાજકીય વિના લોકશાહી અધુરી છે. આ સિધ્ધાંતો સામાજિક અને આર્થિક લોકશાહી સ્થાપવા રાજય જરૂરી પ્રયાસ કરશે એવો માર્ગદર્શક આદેશ આપે છે. આ ઉપરાંત રાજયનિતીના માર્ગદર્શક સિધ્ધાંતો ની અનુચ્છેદ ૩૮ સામાજિક ન્યાયના સંદર્ભમાં છે. અનુચ્છેદ ૩૮ મુજબ રાજય વિશેષ કરી ને વ્યકિતઓજ વચ્ચે જ નહી પરંતુ વિવિધ વિસ્તારોમાં વસવાટ કરતા અથવા વિવિધ વ્યવસાયોમાં કાર્યરત લોકોના જુથ્થો વચ્ચે પણ આવકમાં અસમાનતા ઓછી કરવાનો પ્રયાસ કરશે. તેમજ દરજો, સવલતો અને તકકોને અસમાનતા દુર કરવાનો પ્રયાસ કરશે. સવિધાનના આમુખમાં ભારતના નાગરિકોને જે પ્રકારની સામાજિક વ્યવસ્થા, ન્યાય, તકની સમાનતા, ગૌરવપુર્ણ જીવન જીવવાની ખાતરી આપવામાં આવી છે. તેને વ્યવહારમાં અમલી બનાવવાની જોગવાઈ અનુચ્છેદ ૩૯માં કરવામાં આવી છે. આ જોગવાઈ અનુસાર રાજયે લોકોને પર્યાપ્ત આજીવીકા, શિક્ષણ માટેની સવલત, સંપતીની યોગ્ય વહેચણી સમાન કામ માટે સમાન વેતન અને બાળકો અને કામદારો ને રક્ષણ આપવા બાબાતમાં યોગ્ય કાર્યવાહી થાય તે જોવા સુચવ્યું છે. આ ઉપરાંત સંવિધાનના આમુખમાં તમામ નાગરિકોને સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય આપવાની જે ખાતરી આપવામાં આવી છે તે અનુસાર લોકોને સમાન ધોરણે ન્યાય મળે અને ખાસ કરીને કોઈપણ વ્યકિત માત્ર આર્થિક મજબુરી અને અન્ય લાચારીને લીધે ન્યાયથી વંચિત ન રહી જાય તે જોવાની પણ રાજયની ફરજ છે.

આ જોગવાઈઓ સામાજિક પરિવર્તન અને ભારતીય સમાજનું પુનઃનિર્માણ તરફ છે , જે સામાજિક ન્યાયની રચના કરે છે. ડો.બાબા સાહેબ આંબેડકરનું માનવું હતું કે સામાજિક ન્યાય એ સામાજિક સુમેળ, સામાજિક સ્થિરતા અને દેશભકિતની ભાવના તરફ દોરી શકે છે. તેઓ માનતા હતા કે એક લોકશાહી જે કામદાર વર્ગ ને ગુલામ બનાવે છે, જે વર્ગ ને શિક્ષણથી મુકત કરે છે, જે જીવનના માર્ગોથી ભરેલુ હોય છે, જે સંસ્થાના કોઈપણ શકિતથી મુકત છે, જે બુધ્ધિ વિનાનું તે લોકશાહી નથી પરંતુ લોકશાહીની મજાક છે.

**ઉપસંહારઃ–**

સામાજિક ન્યાયનો આ ખ્યાલોનું મુળ અર્થ એ છે કે સમાજમાં લાવવું. સમાજના મુખ્ય અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ, સ્ત્રીઓ સમાજમાં લાવવા અને સમાજના મુખ્ય પ્રવાહમાં ભેળવવાનો આ ખ્યાલનો મુખ્ય ઉદેશ છે.

સામાજિક ન્યાય ડો.બાબા સાહેબ આંબેડકર દ્રષ્ટિએ સમાજમાં મહિલા , અનુસુચિત જનજાતી અને અનુસુચિત જાતીઓના સુધારણા માટે તેઓ તેમના આખા જીવનને વાસ્તવ માં બલિદાન આપ્યુ હતુ. તેમણે પ્રચલિત કાસ્ટ પધ્ધતિ અને જાતિ ભેદભાવની ઝુંબેશ સામે લડત આપી અને સમાજના સામાજિક ન્યાયને સુરક્ષિત કરવા માટે આગળ આવ્યા. ભારતીય ન્યાયના આદર્શો અને તેની ફીલોસોફીમાં સામાજિક ન્યાય માટેના તેમના સંઘર્ષની કલ્પના કરી શકાય છે. આમ પ્રસ્તાવના (આમુખ), મુળભુત અધિકારો અને દિશાનિર્દેશ સિધ્ધાંતો ધ્વારા ચાલી રહેલ સામાજિક ક્રાંતિના બંધારણીય સિધ્ધાંતો સ્પષ્ટ રીતે સમાનતાવાદી સામાજિક વ્યવસ્થાની સ્થાપના પર ભાર મુકે છે અને ન્યાયના માનવ મુલ્યો, સામાજિક સ્થિતિ અને તકનીકી સમાનતા અને રાજકીય સમાનતા અને માનવ ગૌરવને ખાતરી આપતા વચનોના આધારે સ્પષ્ટ પણે ભાર મુકે છે. આમ ડો.બાબા સાહેબ આંબેડકર ધ્વારા મહિલાઓ માટે, અનુસુચિત જનજાતિઓ અને અનુસુચિત જાતિઓને જાગૃત કરીને સામાજિક ક્રાંતિનું સર્જન કર્યુ ને હિન્દુ સામાજિક જોડાણ પરના આધારિત તમામ સામાજિક મુલ્યો તોડયા.

**સંદર્ભ સુચિઃ–**


૧) ભારતીય સંવિધાનનો કાયદો. વિપુલ આર. દેસાઈ. શ્રીજી લો હાઉસ, અમદાવાદ.

૨) Dr. B.R. Ambedkar study society and politics: D.R. Jatava (Jaipur National Law House).

૩) Dr. B.R. Ambedkar. Writing And Speechs Vol.1

૪) Dr. B.R. Ambedkar; The Maker of Modern India: Edited by Dr. Desh Raj Siswal.